# જિલ્લામાં ૨૦૧૭ની તુલનામાં ૧૩ ટકા મતદાન ઘટ્યુ

## ૧૧ વી.વી.પેટ; બે સીયુ અને બે બીયુ ખોટવાતા બદલવામાં આવ્યા : સૌથી વધુ મતદાન માણસામાં સૌથી ઓછુ ગાંધીનગર (ઉ) બેઠક પર નોંધાયુ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો પર આજે ૧૩ ટકા જેટલુ ઓછુ મતદાન નોંધાયુ છે.

આજે મતદાનના દિવસે સવારે મતદારોમાં થોડોક ઉત્સાહ જોવા મળ્યો હતો. જો કે મતદારોએ બપોર પછી બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ.





જિલ્લામાં આજે મતદાન દરમ્યાન ૧૧ જેટલા વી.વી. પેટ તેમજ બે બી.યુ. અને બે સી.યુ. ખોટવાઈ જતાં તે બદલવામાં આવ્યા હતા. જો કે આનાથી મતદાન પર કોઈ વિપરીત અસરો પડી ન હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યુ છે.

જિલ્લામાં ઘણા સ્થાનો પર મતદાન પ્રક્રિયા ધીમી ચાલી રહી હોવાની ફરિયાદો ઉઠી હતી અને તેને પરિણામે મતદાન મથકો પર મતદારોની લાઈનો જોવા મળતી હતી. મોટાભાગના મતદારોએ વૉટર આઈ.ડી.ની મદદથી મતદાન કર્યુ હતુ. ક્યાંક ક્યાંક મહિલા મતદારો પણ ઉત્સાહિત જોવા મળી હતી.

જિલ્લામાં આજે એકાદ ઘટનાને બાદ કરતાં મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રહી હતી. કલોલ વિધાનસભા મતવિસ્તારમાં એક મતદાન બુથ પર ભાજપ કોંગ્રેસના ટેકેદારો વચ્ચે ઝપાઝપીની ફરિયાદ આવી હતી.

આચારસંહિતા ભંગની એક-બે સામાન્ય ફરિયાદો તંત્રને મળી હોવાનુ જાણવા મળેલ છે. જે ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ)માંથી આ ફરિયાદો ઉઠી હતી.

જિલ્લામાં આજે સૌથી વધુ મતદાન માણસા બેઠક પર તો સૌથી ઓછુ મતદાન ગાંધીનગર (ઉ) બેઠક પર નોંધાયુ છે.

સાંજે પાંચ વાગે મતદાન પૂર્ણ થયા પછી ગાંધીનગર (ઉ)માં સે.



૨૦ અને સે. ૨૪માં થોડીક લાઈન હોવાથી મતદાન થોડો વધુ સમય ચાલ્યુ હતુ.

સાંજે પાંચ વાગ્યા સુધી મળેલા અહેવાલો પ્રમાણે દહેગામમાં ૬૧.૯૭ ટકા, ગાંધીનગર (ઉ)માં ૫૩.૫૫ ટકા, ગાંધીનગર (દ)માં ૫૮.૨૧ ટકા, કલોલમાં ૫૮.૨૦ ટકા અને માણસામાં ૬૫.૧૨ ટકા મતદાન નોંધાયુ છે.

જિલ્લાની પાંચેય બેઠકો પર ૨૦૧૭ની તુલનામાં ૧૦ થી ૧૩ ટકા જેટલુ ઓછુ મતદાન નોંધાતા ઉમેદવારો આજે ટેન્શનમાં જોવા મળ્યા હતા. જિલ્લામાં મતદારો મતદાન કરવા માટે બહાર નીકળે તે માટે તંત્ર દ્વારા રિક્ષાઓ પર માઈક લગાવી જિંગલ ગીતોનું પ્રસારણ કરતી જોવા મળી હતી.

જિલ્લામાં બોગસ મતદાનને લઈ પણ કોઈ ફરિયાદ મળી નથી. જો કે મતદાર પ્રક્રિયા ધીમી ચાલતી હોવાની તેમજ કેટલાક સ્થાનો પર મતદાનનો સમય પૂર્ણ થયા બાદ મતદારો પહોંચતા ક્યાંક ચૂંટણીના કર્મચારીઓ સાથે બોલાચાલી કરતા જોવા મળ્યા હતા.

જિલ્લામાં થયેલ ઓછુ મતદાન અને નોટાના વિકલ્પને લઈ રાજકીય વર્તુળોમાં પણ આ મુદ્દો ચર્ચામાં જોવા મળ્યો હતો.

જિલ્લામાં આજે સાંજે મતદાન પૂર્ણ થયા પછી મોડી રાત્રે ગાંધીનગર સ્ટ્રોંગરૂમ જે મતગણતરી કેન્દ્ર ખાતે ઉભા કરવામાં આવ્યા છે ત્યાં મતપેટીઓ લઈ આવવામાં આવી હતી.

હવે આજે મતદાન પછી સૌની નજર ૮મીએ થનાર મતગણતરી પર કેન્દ્રીત થઈ છે.

### પાંચેય બેઠકોના તુલનાત્મક આંકડા

| બેઠકનું નામ | વર્ષ ૨૦૧૭ | વર્ષ ૨૦૨૨ |
|---|---|---|
| દહેગામ | ૭૨.૭૨ | ૬૧.૯૭ |
| ગાંધીનગર(દ) | ૭૦.૨૭ | ૫૮.૨૧ |
| ગાંધીનગર(ઉ) | ૬૯.૧૦ | ૫૩.૫૫ |
| માણસા | ૭૬.૩૧ | ૬૫.૧૨ |
| કલોલ | ૭૩.૫૧ | ૫૮.૨૦ |
| જિલ્લાનું કુલ | ૭૨.૩૦ | ૫૯.૧૪ |

## મતદાનના દિવસે માણસામાં વિજળી વેરણ થતાં હાલાકી

### તંત્રએ જાણી જોઈને માણસાને અન્યાય કર્યો છે : બાબુસિંહ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની માણસા વિધાનસભા બેઠકના ગ્રામ્ય વિસ્તારમાં આજે દિવસ દરમ્યાન વીજ પુરવઠો ખોરવાઈ જતાં મતદારોને પારાવાર મુશ્કેલી પડી હતી.

કોંગ્રેસના ઉમેદવાર બાબુસિંહ ઠાકોરે જણાવ્યુ હતુ કે આ અંગે તંત્ર સમક્ષ ફરિયાદ કરવા છતાં વીજ પુરવઠો આવ્યો ન હતો. તંત્રએ તાલુકાની જનતાને જાણી જોઈ આજે પરેશાન કરી છે. લોકશાહીનો અવસર હોય અને વીજ પુરવઠો ના હોય એનાથી વધુ કમનસીબી શું હોઈ શકે.

તેમણે કલોલ તાલુકાના સોજા ગામે લાઈટના અભાવે મતદારોની લાઈનો લાગી હતી અને મતદાનની પ્રક્રિયા ધીમી ચાલી હતી તેમ જણાવ્યુ હતુ.

જિલ્લામાં આજે ધીમી મતદાન પ્રોસેસની ફરિયાદો વ્યાપક ઉઠી હતી. જિલ્લામાં મતદાન મથકો પર લાંબી લાઈનો જોઈ ઘણા બધાએ મતદાન કરવાનું ટાળ્યુ હતુ. ૪૦ થી ૪૫ મિનિટ સુધી લાઈનમાં ઉભા રહેવુ પડ્યાની વાતો પણ મતદારોએ કરી હતી.

## ગાંધીનગર (ઉ) બેઠક પર સૌથી ઓછુ મતદાન

### મતદાનની પ્રક્રિયા ધીમી ચાલતી હોવાની ફરિયાદો : સમાવિષ્ટ ગ્રામીણ વિસ્તારોમાં મતદારો વધુ ઉત્સાહિત જણાયા : શહેરમાં મતદારો ઉદાસીન રહ્યા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર (ઉ) બેઠક પર જિલ્લામાં આજે સૌથી ઓછુ મતદાન નોંધાયુ છે. જો કે મતદારોને બહાર લાવવામાં બધા પક્ષો નિષ્ફળ પુરવાર થયા છે.

શહેરી મત વિસ્તાર તરીકે ઓળખાતી આ બેઠકમાં શહેરી મતદારોએ વધુ નિરસતા દાખવી હતી. આ બેઠકમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં મતદાન વધુ નોંધાયુ છે જે નોંધનીય છે.



મતદાનની પ્રક્રિયા ધીમી હોવાની ફરિયાદ પણ ઉઠી હતી. જો કે આજે મતદાન દરમ્યાન ત્રણેક બુથો પર વી.વી. પેટ બદલવાની ફરજ પડી હતી.

મતદાર જાગૃતિ અભિયાન આજે પણ તંત્રએ ચાલુ રાખ્યુ હતુ. જો કે મતદારો મતદાનની ધીમી પ્રક્રિયાને લઈ મતદાનથી અળગા રહેવાનું વધુ પસંદ કર્યુ હતુ.

૨૦૧૭ની તુલનામાં ગાંધીનગર (ઉ) બેઠક પર ૧૩ ટકાથી વધુ ઓછુ મતદાન નોંધાયુ છે. ૨૦૧૭માં આ બેઠક પર ૬૯.૧૦ ટકા તો ૨૦૨૨માં ૫૩.૫૫ ટકા જેટલુ મતદાન નોંધાયુ છે.

શહેરી વિસ્તારના બુથો પર સવારે લાઈનો જોવા મળી હતી પરંતુ બપોર પછી તેમાં ગતિ ધીમી પડી હતી. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના ગામોમાં મતદારોની લાઈનો બપોર પછી પણ જોવા મળી હતી.

ગાંધીનગર (ઉ) બેઠક પર ત્રિપાંખીયો જંગ રોચક અને રોમાંચક બનશે તેવા ગણિતો રાજકીય ગલિયારીઓમાં સાંભળવા મળ્યા છે.

ગાંધીનગર (ઉ)માં આજે મહિલા મતદારોએ પણ સારો એવો રસ દાખવ્યો હતો.

સે. ૨૨માં મતદાન મથક પર આવેલ એક મહિલા ચાલવામાં થાપ ખાતા પટકાઈ પડ્યા હતા જો કે તેમને કોઈ ઈજા થઈ ન હતી. આજે મતદાન મથકમાં મોબાઈલ ફોન લઈ જવા દેવામાં આવતા ન હતા.

ઘણા બધા પરિવારોના સભ્યો ઘરના નાના ભૂલકા સાથે મતદાન કરવા આવતા નજરે પડ્યા હતા. લગ્નસરાની અસરો આજે મતદાન પર પણ જોવા મળી હતી.

ભાજપના રીટાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ અને સાથીઓ સાથે સતત સેક્ટરોના અને સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ફરતા જણાયા હતા. આમ આદમી પાર્ટીના ઉમેદવાર પણ શહેરમાં ફરતા જણાયા હતા. કોંગ્રેસના ઉમેદવાર ગ્રામ્ય વિસ્તારમાં વધુ સક્રિય રહ્યા હતા જો કે બપોર પછી તેઓ પણ શહેરમાં ફરતા જોવા મળ્યા હતા.

આજે ગાંધીનગર (ઉ)માં સમાવિષ્ટ વાસણ ગામે બાયડના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલા, ગાંધીનગર (ઉ)ના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલા તેમજ પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ મતદાન કર્યુ હતુ.

શહેરમાં સમાવિષ્ટ રાંધેજા, પેથાપુર, વાવોલ, કોલવડામાં મતદારો ઉત્સાહિત દેખાતા હતા. ૮૦ થી વધુ વય ધરાવતા મતદારો પણ આજે મતદાનને લઈ વધુ ઉત્સાહિત જણાયા હતા. ગાંધીનગર (ઉ) બેઠક પરના પરિણામ પર સૌની નજર હવે મંડાઈ છે.

## હું પણ મતદાન કરીશ.. મારી આંગળીને રંગ લગાવો... બાળકો પણ પ્રેરણારૂપ બન્યા ...

ગાંધીનગર તા ૫

મારે પણ મતદાન કરવુ છે.....મારી આંગળીને પણ આવો રંગ લગાવો... નાગરિક ધર્મનુ



પાલન કરવા નાગરિકોને મતદાન કરવા માટે સતત અપીલ કરવામાં આવી રહી હતી ત્યારે સેકટરોમાં મતદાન મથકે જવ માટે બાળકોમાં અનેરુ આકર્ષણ જોવા મળ્યુ હતુ. જેના લીધે મતદાન મથકે જવા માટે નિરસતા સેવતા કેટલાક મતદારો માટે બાળકો પ્રેરણારૂપ બન્યા હતા. ચુંટણીમાં વધુ મતદાન થાય તે માટે મતદારોને સતત જાગૃત કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આજે બીજા તબક્કાના મતદાન દરમિયાન શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સવારથી જ મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ગુલાબી ઠંડીમાં યુવાવર્ગની સાથે ઉમંરલાયક વડીલો પણ મતદાન મથકે જતા નજરે પડયા હતા. સવારે તમામ કામ પડતા મુકી મતદાન કરવાનો આગ્રહ રાખ્યો હતો. ચુંટણીને અનુલક્ષી મતદારો મતદાન માટે જાગૃત થઈ તેમના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે ચુંટણી તંત્ર દ્વારા પણ સતત અપીલ કરવામાં આવતી હતી. ત્યારે મહીલાઓએ પણ મતદાન માટે વિશેષ ઉત્સાહ દાખવ્યો હતો. મતદાન કરવા જતી મહીલાઓ સાથે બાળકો પણ મતદાનની પ્રક્રીયા માટે આકર્ષિત થયા હતા. આવતીકાલનો નાગરિક મતદાનની પ્રક્રીયા માટે અત્યાર થી જ ઉત્સુક હોવાના દ્રશ્યો આજે જોવા મળ્યા હતા. મતદાન કરવા જતા માતા પિતા સાથે બાળકો પણ સાથે જવાની જિદ કરતા નજરે પડયા હતા. ડો બિંદી પંડયા પણ તેમની નાની દીકરી સાથે મતદાન કરવા ગયા હતા. ચુંટણીને અનુલક્ષી ટી વી અને સોશિયલ મીડીયામાં સતત મતદારને ઢંઢોળવા માટે થતી જાહેરાતના લીધે બાળકો પણ મતદાન કરવાની જીદ કરતા દિવસ દરમિયાન મતદાન કેન્દ્રો પર બાળકોની પણ અવરજવર વિશેષ જોવા મળી હતી. મતદાર દંપતિઓ તેમના બાળકોને સાથે રાખી મતદાન કર્યુ હતુ. મતદાન વેળાએ આંગળી પર થતા નિશાન માટે પણ બાળકોમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી હતી. મતદાન કેન્દ્રો પર બાળકોએ માતા પિતાની જેમ મતદાનના ચિન્હથી આંગળી પણ રંગાવી સંતોષ માન્યો હતો. એટલુ જ નહીં પરંતુ મતદાનની સાહીથી આંગળી રંગાવી સેલ્ફી પણ લીધી હતી.



### લગ્નમંડપ જેવી સજાવટ ધરાવતા નવીન સખી મતદાન મથકો આકર્ષણનુ કેન્દ્ર બન્યા

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી આજે યોજાયેલી મતદાનની પ્રક્રીયાને અનુલક્ષી સખી મતદાન મથકો ઉભા કરાયા હતા. જિલ્લામાં અંદાજિત ૩૫ જેટલા સખી મતદાન મથકો ઉભા કરયા હતા. સેકટરોમાં સખી મતદાન મથકો મતદારો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતાા લગ્ન મંડપ જેવી સજાવટ ધરાવતા આ મતદાન મથકો પર આવતા મતદારો થોડીવાર સુધી આસપાસ નિરિક્ષણ કરીને સજાવટ નિહાળતા નજરે પડતા હતા. આ મતદાન મથકો પર સમગ્ર કામગીરી મહીલાઓને સોંપવામાં આવી હતી. ફરજ બજાવતી મહીલાઓ પણ પીંક કલરના ડ્રેસ કોડમાં સજ્જ જોવા મળી હતી. પીંક બેઈઝ કલરથી સજ્જ આ સખી મતદાન મથક પર ફુલોની અને ફુગ્ગાની સજાવટ પણ જોવા મળી હતી જયારે મતદાન કર્યા બાદ મતદારો માટે ખાસ સેલ્ફી પોઈન્ટ ઉભા કરાયા હતા. જેમાં મતદારોએ મતાધિકારનો ઉપયોગ કરી ઉત્સાહભેર સેલ્ફી પણ લીધી હતી.

## મતદાન કરી મફત ચ્હા પીવો

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી આજે હાથ ધરાયેલી મતદાનની પ્રકીયાને પ્રોત્સાહીત કરવા માટે છેલ્લા કેટલાક દિવસોથી મતદારોમાં જન જાગૃતિ કેળવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ચુંટણી તંત્ર પણ નાગરિકોને મતાધિકારનો ઉપયોગ કરવા માટે સતત અપીલ કરી રહ્યુ હતુ ત્યારે જાગૃત નાગરિકો પણ પોતાના સેકટરો અને સોસાયટીમાં નાગરિકોને મતદાન કરવા માટે પ્રોત્સાહીત કરતા નજરે પડતા હતા. આવા સંજોગોમાં નાના મોટા વેપારીઓએ પણ નાગરિકોને મતદાન પ્રત્યે જાગૃત અને આકર્ષિત કરવા અનેક રીતે પ્રયાસો કર્યા હતા. મતદાન બાદ પેટ્રોલમાં લીટરે રૂ ૨ ની છુટ કરી આપવા માટેની પણ સ્કીમ પણ આજે ચર્ચામાં રહી હતી. જયારે સેકટરોમાં કેટલાક લારી ગલ્લાના વેપારીઓએ પણ મતદારોને પ્રોત્સાહન પુરુ પાડવા માટે અનોખી સ્કીમનો લાભ આપવામાં આવ્યો હતો. જેમાં સોડા સહીત ચ્હાની લારીવાળાનો પણ સમાવેશ થાય છે. સે-૬ માં જય મહાકાળી ટી સ્ટોલના ગોવિંદભાઈ પરમારે મતદાન કરીને આવતા ભાઈ બહેનોને મફત ચ્હા પીવડાવી હતી. એટલુ જ નહીં પરંતુ ચ્હા પીવા આવતા નાગરિકોને મતદાન કરવા માટે પ્રેરણા આપી હતી. એક નાના વેપારીએ લોકશાહીના આ પર્વની અનોખી ઉજવણી કરતા નાગરિકોએ પણ તેમની આ કામગીરીને બિરદાવી હતી.

## જાગૃત મતદારો રાજકીય પક્ષોના વાહનમાં નહીં...પરંતુ પોતાની રીતે મતદાન કરવા પહોંચ્યા

ગાંધીનગર તા ૫

ચુંટણીને અનુલક્ષી સવારે ૮ કલાકથી શરૂ થયેલી મતદાનની પ્રકીયા દરમિયાન સેકટરોમાં સવારથી જ મતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે ગુલાબી ઠંડીની લહેર વચ્ચે સેકટરમાંથી મતદારો સ્વયંભુ રીતે બહાર નિકળ્યા હતા. અલબત્ત કોઈ રાજકીય પક્ષોની વાહન સેવા કે તંત્રના સહારે મતદાન કરવાનુ ટાળ્યુ હતુ મતદારો તેમના વાહનમાં જાતે જ મતદાન કરવા માટે જવાનો આગ્રહ રાખ્યો હતો. શારિરીક રીતે અશકત હોય તેવા મતદારોએ પણ તેમના પરિવાર સાથે જ વાહનમાં જઈ મતદાન કરવાનુ પસંદ કર્યુ હતુ. રાજકીય પક્ષોના સમર્થકોને ઘણા ઠેકાણે મતદાન કર્યુ તેવા પ્રશ્ન સામે અમે જાતે જ કરવા જઈશુ તેવો ઉત્તર આપી દીધો હતો. સેકટરોના પણ તમામ મતદાન બુથ પર વ્હીલચેરની સુવિધા ઉપલબ્ધ હતી જેના લીધે વિકલાંગ મતદારોને પણ સરળતા રહી હતી. જયારે મતદાન કેન્દ્રો પર પહોંચી તેમના પરિવારના સભ્યોની મદદથી વ્હીલચેરના સહારે મતદાન મથકની અંદર પ્રવેશી મતદાન કર્યુ હતુ. સે-૩ સહીત ઘણાં મતદાન કેન્દ્રો પર ફરજ બજાવતા પોલીસના જવાનોએ પણ અશ્કત મતદારોને મતદાન બુથ સુધી પહોંચવા માટે મદદ કરી હતી. કેટલાક મતદારોએ પ્રથમવાર મતદાન કરી ગૌરવની લાગણી અનુભવી હતી ત્યારે સિનિયર સિટીઝન્સે પણ મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના આ પર્વના વધામણાં કર્યા હતા.

## આળસ ન કરી..ગરમ કપડામાં સજ્જ થઈ વૃધ્ધો લાકડીના સહારે મતદાન કેન્દ્ર સુધી પહોંચ્યા

ચુંટણીમાં મતદાનની પ્રકીયા દરમિયાન બાળકો, મહીલાઓ અને યુવા મતદારો પણ વિશેષ ઉત્સાહી જોવા મળ્યા હતા જયારે ઠંડીની સિઝન હોવા છતા વડીલો પણ સવારના સમયે જ મતદાન મથકે પહોંચી ગયા હતા. ગરમ કપડામાં સજ્જ થઈને મતદાન કેન્દ્ર પર પહોંચેલા જૈફ વયના મતદારોએ મતાધિકારનો ઉપયોગ કર્યા બાદ અન્યને પણ મતદાન કર્યા બાદ જ અન્ય કામકાજ કરવા માટે અપીલ કરી હતી. શહેરમાં સે-૨૦ સ્થિત ચિલ્ડ્રન યુનિવર્સિટીના મતદાન મથક પર જૈફ દંપતી સુરેશ દામોદર શર્મા તેમજ તેમના પત્ની અનુરાધા શર્મા કેન્દ્ર પર સૌ પ્રથમ મતદાન કરી અન્યને પણ પ્રેરણા આપી હતી. સેકટરોના અન્ય મતદાન કેન્દ્રો પર પણ સવારથી જ વડીલો મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ઠંડીની સિઝન, શારિરીક અશકિત સહીતની મર્યાદાઓ હોવાછતા મતદાન કરવામાં જરા પણ આળસ દાખવી ન હતી. એટલુ જ નહીં પરંતુ ગામડાઓમાં પણ હાથમાં લાકડીના સહારે ઘરથી મતદાન કેન્દ્ર સુધી જતા વૃધ્ધોએ અનેકને મતદાન કરવા માટે પ્રેરણા આપી હતી. નિવૃત શિક્ષક ૮૫ વર્ષીય પ્રવિણભાઈ ઓઝાએ પણ મતદાન કરી રાષ્ટ્રને મજબુત બનાવવા માટે જયાં સુધી જીવુ છુ ત્યાં સુધી મતદાન કરવાનુ નહીં ચુકુ તેમ જણાંવ્યુ હતુ. આ ઉપરાંત લીગલ વિભાગના નિવૃત સેક્રેટરી કોકીલાબેન રજનીકાંત ત્રિવેદીએ પણ ૮૫ વર્ષની ઉમરે અને ગીરાબેન સતીષભાઈ પટેલે પણ મતદાન કરી પોતાની ફરજ અદા કરવાની ખુશી વ્યકત કરી હતી. જયારે દિવ્યાંગ દંપતિ મુકેશ ભારતી જોષી અને આશાબેને પણ મતદાન કરી ગૌરવની લાગણી અનુભવી હતી.



## વાવોલમાં સરેરાશ ૬૦ ટકા મતદાન નોંધાયુ

### મહિલાઓએ મોટી સંખ્યામાં મતદાન કર્યુ

ગાંધીનગર, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં વાવોલ મત વિસ્તારમાં વહેલી સવારથી મતદારોની લાઈનો જોવા મળી હતી. જેમાં ત્રણ સ્થળ પર મતદાનની પ્રક્રિયા થઈ હતી. સરકારી પ્રાથમિક શાળા, ગ્રામ પંચાયત, એમ.ડી. શાહમાં વાવોલના મતદારોએ મતદાન કર્યુ હતુ. જેમાં વહેલી સવારથી ઉત્સાહપૂર્વક વોટિંગ જોવા મળ્યુ હતુ. બપોર બાદ મતદારોની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો. ત્યારે વાવોલમાં સરેરાશ ૬૦ ટકા જેટલુ મતદાન નોંધાયુ છે. મહિલાઓએ પણ પોતાના કામકાજ બાજુ પર મુકીને મત આપવાનું પસંદ કર્યુ છે. મહિલાઓએ મોટી સંખ્યામાં મતદાન કર્યુ છે. અહીંયા દિવ્યાંગ મતદારો, અશક્ત મતદારો માટે સારી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. બુથ ઉપર મોબાઈલ ફોન લઈ જવા બાબતે મતદારો અને ચૂંટણી પંચના કાર્યકર્તાઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. બપોરના સુમારે મતદારો ન દેખાતા ભાજપના કાર્યકરોએ વાવોલમાં સોસાયટીઓમાં જઈને વોટિંગ કરવાની અપીલ કરી હતી. મતદારોને ઘરે ઘરે જઈને મત માટે મોકલવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપના કાર્યકરોએ દરેક સોસાયટીએ પોતાનો એક માણસ મુક્યો હતો જે મતદારોને મતદાન આપવા વારંવાર સમજાવવા જતા હતા. વાવોલમાં ન્યુ વિસ્તારમાં સોસાયટીઓમાં જે લોકો ભારત બહાર ગયા છે તેઓના વોટ ઓછા મળ્યા છે. જેમાં ખાસ કરીને યુવા વર્ગની ઘટ રહી હતી. વાવોલમાં ગ્રામ પંચાયત જે સૌથી જુનું ગણાય છે વર્ષોથી ત્યાં મતદાન યોજાય છે ત્યાં પણ ગામના મતદારોએ લાઈનો લગાવી હતી. સરકારી પ્રાથમિક શાળામાં કુલ ૯૦૦માંથી ૨૭૫ મહિલા અને ૩૫૦ પુરૂષોએ મળીને કુલ ૬૨૫ લોકોએ મતદાન કર્યુ હતુ. જ્યારે ગ્રામ પંચાયત ખાતે ૨૩૯ મહિલાઓ, ૨૫૦ પુરૂષો એમ મળીને કુલ ૪૮૯ મતદારો નોંધાયો હતો. એમ.ડી. શાહ વિદ્યાલયમાં પાંચ બુથમાંથી ૬૦ ટકા મતદાન થયુ હતુ.

## કરાર આધારિત મનપાના કામદારોને રજામાં પણ કામગીરીમાં રખાયા

કરાર આધારિત મનપાના સફાઈ કામદારોને રજા હોવા છતાં સફાઈ કામગીરીઓ માટે કાર્યરત રખાયા હતા. જેથી વોટિંગ માટેનો સમય ફાળવવા માટે આ કામદારોને મુશ્કેલી પડી હતી. કેટલાક કામદારોએ વોટીંગ પણ કર્યુ નથી.

## શ્વાસની તકલીફ, ગાડીમાં બેસીને વોટ આપ્યો

વાવોલમાં મહિલાઓએ પુરૂષોની સરખામણીએ ઉત્સાહપૂર્વક વોટીંગ કર્યુ છે. ત્યારે આ લોકશાહીના મહા પર્વમાં પોતાનો કિંમતી મત આપવા માટે જીવના જોખમે શાલિન-૪ ના પ્રિયંકાબેન જાની મત આપવા માટે પહોંચ્યા હતા.

## ૮૬ વર્ષના દાદીમાએ ઉત્સાહપૂર્વક વોટ આપ્યો

વાવોલમાં એમ.ડી. શાહ વિદ્યાલયમાં વહેલી સવારથી મતદારોની લાઈનો લાગી હતી. જેમાં કુબેરનગરના બલોચા હનીફાબેન ૮૬ વર્ષની વયે ઉત્સાહપૂર્વક વોટિંગ કર્યુ છે. તેઓ હજી સુધી એક પણ વખત વોટ આપવાનું ચુક્યા નથી. રિક્ષામાં બેસીને મત આપવા આવે છે તેમના પરિવારમાં તેમની દેખરેખ રાખી શકે તેવુ કોઈ જ નથી. આસપાસના પડોશીઓ તેમને મદદરૂપ બની રહ્યા છે. તેમના મતદાન પ્રત્યેના ઉત્સાહ ઉપરથી યુવાવર્ગે પ્રેરણા લેવી જોઈએ.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com